# સુરતમાં મેલ સિમેન ફ્રીઝિંગની ડિમાન્ડ અને નીડ વધી, USA, UKના NRIનો પણ ધસારો વધ્યો

જેમ યુવતીઓ લેટ મેરેજને લઇને પોતાના એગ ફ્રીઝિંગ કરાવે છે એ જ રીતે હવે આજના યુવાઓ પણ લેટ મેરેજ કરવા લાગ્યા છે અને આજકાલની જે ફોવર્ડ લાઇફ સ્ટાઇલ છે તેને કારણે તેઓ પણ ભવિષ્યમાં તેમના સ્પર્મની ક્વોલિટી બગડી તો બાળક થવામાં પ્રોબ્લેમ થવાની સંભાવનાના નિવારણ હેતુ સ્પર્મ ફ્રીઝિંગ કરાવવા તરફ વળવા લાગ્યા છે. આમ તો સુરતમાં આ સ્પર્મ સ્ટોરેજનો ટ્રેન્ડ વર્ષોથી છે પણ હવે તેની ડિમાન્ડ વધવા લાગી છે અને જરૂરિયાત પણ. સુરત સિટીમાં લગભગ 40-50 IVF સેન્ટર છે અને 5થી 7 સ્પર્મ ડોનેશન બેન્ક છે જ્યાં સ્પર્મ સ્ટોર થાય છે. કેમ, હવે સુરતના યુવાઓ સ્પર્મ સ્ટોરેજ તરફ વળવા લાગ્યા છે, તેનો ખર્ચ કેટલો થાય છે, શું વર્ષો સુધી સ્પર્મ ફ્રીઝિંગથી સ્પર્મ એવા જ રહે છે કે કોઈ ફેરફાર થાય છે, સુરતમાં બીજા કયા દેશોમાંથી ગુજરાતી NRI અહીં સ્પર્મ ફ્રીઝિંગ માટે આવે છે અને કેમ આવે છે? તે આપણે અહીં જાણીએ...






## સુરતમાં કોસ્ટ ઓછી હોવાથી U.K., U.S.A., કેનેડાથી લોકો આવે છે

સુરતમાં સ્પર્મ ફ્રીઝિંગનો ખર્ચ ઘણો ઓછો હોય છે. અહીં વર્ષે 8થી 10 હજાર રૂપિયા મેન્ટેનન્સ ખર્ચ થાય જ્યારે વિદેશમાં આ ખર્ચો વધે છે. એટલે વિદેશ જેમકે, USA, UK, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, મિડલ ઈસ્ટ કન્ટ્રીઝમાં રહેતા ગુજરાતી NRI સુરતમાં સ્પર્મ ફ્રીઝિંગ કરાવવાનું પસંદ કરે છે. વળી, સુરતમાં તો હવે સ્પર્મ ફ્રીઝિંગ કરતા સેન્ટર વધ્યા છે અને IVF ક્લિનિકમાં પણ સ્પર્મ ફ્રીઝિંગની સુવિધા છે. U.K. માં તો ત્રણ ત્રણ વર્ષ વેઈટ કરવું પડે જયારે સુરતમાં વેઈટિંગ લિસ્ટ નથી તમે આવો સેમ્પલ આપો અને ફ્રીઝિંગ કરાવો પ્રક્રિયા અહીં ખૂબ સરળ છે. જોકે, અમદાવાદ, મુંબઈ, દિલ્હીથી એવા લોકો સ્પર્મ ફ્રીઝિંગ માટે આવે છે જેમના ફેમિલીમાંથી કોઈ અહીંયા રહેતા હોય કે રિલેટિવ્ઝ રહેતા હોય. જેથી ભવિષ્યમાં બાળક માટે અહીં જ પ્રક્રિયા થઈ શકે.

LifeStyle Trends

### સ્પર્મ ફ્રીઝિંગ માટે ક્યાં કેટલો થાય છે ખર્ચ?

» USA- 40000 થી લઈને એક લાખ રૂ. સુધી
» કેનેડા- 20 હજારથી લઈને 80 હજાર રૂ. સુધી
» UK- 30થી 80 હજાર રૂ. સુધી
» સાઉથ આફ્રિકા 15 હજારથી 30 હજાર રૂ. સુધી
» ઓસ્ટ્રેલિયા 20 હજારથી લઈને 70 હજાર રૂ. સુધી
» ન્યુઝીલેન્ડ- 20 હજારથી 70 હજાર રૂ. સુધી
» મિડલ ઇસ્ટ- 12 હજારથી 30 હજાર રૂ. સુધી
» ઇન્ડિયા 8 હજારથી 20 હજાર રૂ.સુધી



## લિકવિડ નાઇટ્રોજનમાં -196 ડિગ્રી ટેમ્પરેચરમાં સ્પર્મ ફ્રીઝિંગની પ્રોસેસ

સ્ટરીલાઈઝ કરેલી ડબ્બી (નાના કન્ટેનર)માં સ્પર્મ કલેક્ટ કરાય છે ત્યારબાદ પ્રોપર પ્રોસીજરથી સ્પર્મને વોશ કરાય છે જેનાથી સારી ક્વોલિટીવાળા સ્પર્મ સેપરેટ થાય છે. આ પ્રોસીજર બાદ સ્પર્મમાં ક્રાયો પ્રોટેકટન્ટ એજન્ટ મિક્સ કરીને સિમેનને વાયલ્સમાં નાખીને લિક્વિડ નાઈટ્રોજનમાં તેને -196 ડિગ્રી સેલ્શિયસ ટેમ્પરેચરમાં સ્ટોર કરાય છે. સ્પર્મને 20 કે તેથી વધારે વર્ષો સુધી સ્ટોર કરીને રાખી શકાય છે. જો ટેન્ક રીફિલ નહીં કરવામાં આવે તો લિક્વિડ નાઈટ્રોજન હવામાં વરાળ બનીને ઊડી જાય અને ટેન્ક ખાલી થઈ જાય જેથી સ્ટોરેજ કરેલા સેમ્પલ ખરાબ થઈ જાય.



## દર 6 કપલમાંથી એક કપલમાં ઇન્ફર્ટાલિટીનો પ્રોબ્લેમ હોય છે: ડૉ. ભાવના બોરખતરિયા (વસાણી)

મોલિક્યુલર બાયોલોજીમાં Ph.D. કરી ચૂકેલા અને 12 વર્ષથી એમ્બ્રિયોલોજીસ્ટનો અનુભવ ધરાવતા ડો. ભાવના બોરખતરિયા (વસાણી) એ જણાવ્યું કે, I.S.A.R. (ઇન્ડિયન સોસાયટી ફોર અસિસ્ટેડ રિપ્રોડક્શન) ના જણાવ્યા પ્રમાણે દરેક 6 માંથી એક કપલને ઈન્ફર્ટાલિટીનો પ્રોબ્લેમ હોય. તેઓના નોર્મલ સંબંધ પછી પણ પ્રેગ્નન્સી નથી રહેતી. આમાંના 40% પુરુષમાં અને 40% સ્ત્રીમાં પ્રોબ્લેમ હોય છે જ્યારે 20%માં કોઈ પણ પ્રોબ્લેમ નહીં હોવા છતાં પણ પ્રેગ્નન્સી નથી રહેતી. WHO ના સર્વે પ્રમાણે છેલ્લાં 50 વર્ષમાં 60% સ્પર્મ કાઉન્ટ રીડ્યુસ થયા છે એટલે ઈન્ફર્ટાલિટી વધી છે. તેનું કારણ લાઈફસ્ટાઈલમાં ચેન્જીસ છે જેમકે, બેઠાડું જીવન ફૂડ હેબીટમાં ચેન્જિસ આવ્યા છે. હવે તો ટેમ્પરેચર વધ્યું છે તેની અસર સ્પર્મ પ્રોડક્શન પર થાય છે, વ્યસનને કારણે પણ સ્પર્મ કાઉન્ટ ઘટ્યા છે.



## સ્પર્મ ફ્રીઝિંગનો ટ્રેન્ડ વર્ષોથી છે પણ હવે તેની ડિમાન્ડ અને નીડ વધી છે: ડૉ. મોના શ્રોફ

શહેરના જાણીતા ગાયનેકોલોજિસ્ટ અને IVF સ્પેશ્યાલિસ્ટ ડૉ. મોના શ્રોફે જણાવ્યું કે, સ્પર્મ પ્રિઝર્વેશનનો ટ્રેન્ડ આમ તો વર્ષોથી જોવા મળે છે. 10-15 વર્ષ પહેલાં શરૂઆતમાં સ્પર્મ પ્રિઝર્વેશનનો ટ્રેન્ડ આવ્યો હતો. ત્યાર બાદ એમ્બ્રિઓ ફ્રીઝિંગ અને એના ઓવમ ફ્રિઝીંગનો ફ્રિઝનો ટ્રેન્ડ આવ્યો. જો કે, વર્ષો પહેલાં સ્પર્મ ફ્રીઝિંગ બાબતે આટલી અવેરનેસ નહીં હતી. પંદરેક વર્ષથી સ્પર્મ પ્રિઝર્વેશનની ડિમાન્ડ અને નીડ વધી છે. જ્યારે મહિને એક વ્યક્તિ સ્પર્મ ફ્રીઝિંગ માટે આવતા પરંતુ હવે મહિને 100 જેટલી વ્યક્તિઓ સ્પર્મ ફ્રીઝિંગ કરાવે છે. જેમને હાલમાં બાળક નહીં કરવું હોય પણ લોન્ગ ટર્મમાં સ્પર્મની ક્વોલિટી ઘટે એવું હોય તો પહેલાથી જ સ્પર્મ ફ્રીઝિંગ કરાવી લે. કેન્સર પેશન્ટ હોય, દૂર જોબ કરતા હસબન્ડ હોય તો તેવા કેસમાં સ્પર્મ ફ્રીઝિંગનો ટ્રેન્ડ વધ્યો છે.





## પુરુષોમાં અને તેમના પરિવારમાં સ્પર્મ ફ્રીઝિંગનું એક્સેપ્ટન્સ વધવા લાગ્યું છે

હવે લાઈફસ્ટાઈલ ચેન્જ થઈ છે, ટેમ્પરેચર વધ્યું છે અને કેન્સર પેશન્ટ્સના ભવિષ્યમાં પિતા બનવાના ચાન્સીસને ધ્યાનમાં રાખી સ્પર્મ ફ્રિઝીંગ થાય છે. આ વાતને હવે પુરુષો સ્વીકારવા લાગ્યા છે એટલે સ્પર્મ ફ્રીઝિંગને એક્સેપ્ટ કરવા લાગ્યા છે. આ ઉપરાંત ટેસ્ટ ટ્યુબ બેબી, IVF, IUI ટ્રીટમેન્ટ માટે પણ સ્પર્મ ફ્રીઝિંગ જરૂરી હોય છે. એટલે પહેલાના સમય કરતાં અત્યારના લોકો સ્પર્મ ફ્રીઝિંગના ટ્રેન્ડને આવકારવા લાગ્યાં છે. આજે પણ 30 થી 40 ટકા પુરુષો અને એ લોકોના ફેમિલી મેમ્બર્સનું માઈન્ડસેટ એવું હોય છે કે સ્ત્રીમાં જ નહિ પરંતુ પોતાનામાં પણ ખામી હોઇ શકે એવું સ્વીકારતું નથી હોતુ. બે-ત્રણ ટેસ્ટ બાદ જ્યારે એક્સેપ્ટન્સ આવે છે ત્યારે સાથે મળીને આ પ્રોબ્લેમનું સોલ્યુશન લાવવાની વૃત્તિ કેળવવાની સલાહ આપવામાં આવે છે. સ્પર્મ ડોનેશન પહેલા જેનેટિક ટેસ્ટ, થેલેસેમિયા ટેસ્ટ પણ કરાય છે.

## કોણ કરાવે છે સ્પર્મ ફ્રીઝિંગ ?

કેન્સર પેશન્ટ કે જેને કિમોથેરાપી કરાવવી પડતી હોય તો તેને સિમેન ફ્રીઝિંગનું ઓપ્શન અપાય છે. કિમોથેરાપી, રેડીએશનથી સ્પર્મ કાઉન્ટ પર અસર થતી હોય એટલે આવા પેશન્ટ સ્પર્મ ફ્રીઝિંગ કરાવે છે. પછી જ્યારે તે કેન્સરમાંથી બહાર આવે તો તે ફ્રીઝિંગ કરેલા સ્પર્મથી બાળક કરી શકે છે. જેઓ આર્મીમાં, નેવીમાં હોય કે વિદેશ જોબ કરતા હોય તે જલ્દી વાઈફને નહીં મળી શકતા હોય તેઓ પણ સ્પર્મ ફ્રીઝિંગ કરાવે છે, જેમને કોઈ મેડિકલ સર્જરી કરાવવાની હોય અને તેની અંદર તેમના ટેસ્ટીસને અસર થવાની હોય તો તેઓ પણ સિમેન ફ્રીઝિંગ કરાવતા થયા છે. વળી, જે પુરુષ લેટ મેરેજ કરવાના હોય તો તે પોતાનો ટેસ્ટ કરાવે અને તેમાં સિમેન કાઉન્ટ બિલો એવરેજ હોય તો તે સેફ સાઈડમાં સિમેન ફ્રીઝિંગ કરાવી લે અને પછી જ્યારે મેરેજ કરે ત્યારે સ્ટોર કરેલા સ્પર્મને યુઝ કરી બેબીને દુનિયામાં લાવી શકે છે.

---

CREATIVE માઈન્ડ્સ

તમે ઉમરગામ વિસ્તારમાં શાસ્ત્રીય ગાયક અને કલાગુરુ ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરાના ઘરમાં અને તેમના શાસ્ત્રીય સંગીતના કલાસમાં નજર કરશો તો તમને અઢળક ઓડિયો કેસેટ્સ, સીડી, વિનાઇલ રેકોર્ડ્સ, રેર કહી શકાય તેવા પુસ્તકો સહિત બુક્સનો ભવ્ય ખજાનો જોવા મળશે. તેમને બાળપણથી ગાવાનો શોખ હતો. જ્યારે તેમની મોટીબેન ગીત ગાઈને ઇનામ લઈ આવી હતી ત્યારે તેમને પણ ઇનામ મેળવવાની ઈચ્છા જાગી હતી. બસ ત્યારથી તેમણે શાસ્ત્રીય સંગીત શીખવાની શરૂઆત કરી હતી. જ્યારે તેમના પ્રોગ્રામમાં કોઈ ફિલ્મી ગીત, ગઝલની ફરમાઈશ થતી તે માટે મોંઘી કેસેટ્સ ખરીદવી અઘરું લાગતું પણ ધીરે ધીરે તેઓ બુક્સ, કેસેટ્સ, સીડી ખરીદીને લાવતા અને મિત્રો તરફથી પણ ભેટ મળતી અને તેનાથી તેમનો સંગ્રહ મોટો થતો ગયો આજે સુરતના ઘણા લોકોમાં તેમનું આ કલેક્શન અટ્રેક્શનનું કારણ બન્યું છે. તો ચાલો આપણે તેમની પાસેથી જાણીએ કે તેમના આ કલેક્શન વિશે...

# રેર પુસ્તકો, સીડી, વિનાઈલ રેકોર્ડસનું અફલાતૂન કલેક્શન: સંગીત પ્રેમીઓ થયા અટ્રેક્ટ



## 70-75 વર્ષ જૂના તાનપુરા, ઇલેક્ટ્રોનિક તબલા, હાર્મોનિયમનું ભવ્ય છે કલેક્શન

ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરા પાસે તાનપુરાનું ભવ્ય કલેક્શન છે. ઉસ્તાદ અતા હુસૈન ખૂબ મોટા ગાયક હતા તેમનો 70-75 વર્ષ જૂનો તાનપુરો, 30 વર્ષ જૂનો અન્ય એક તાનપુરો, 4 નવા ખરીદેલા તાનપુરા શહેરના સંગીત પ્રેમીઓમાં આકર્ષણ બન્યા છે. મહારાષ્ટ્રના મીરજ કે જે તાનપુરા માટે વખણાય છે ત્યાંથી પણ તાનપુરા ખરીદ્યા છે. જ્યારે ઈલેક્ટ્રોનિક તબલાનો યુગ શરૂ થયો હતો ત્યારે તેમને આ તબલા ભેટમાં મળ્યા હતા. જેમાં 2 તબલા 40 વર્ષ જુના, 45 વર્ષ જૂના લાઈટ અને નમ્બરિંગવાળા તબલા તથા વડોદરામાં ભંગારવાળા પાસેથી ખરીદેલી 87 વર્ષ જૂની ઈલેક્ટ્રોનિક સૂરપેટીને સાંભળવાની મજા આવે છે. 7-8 વર્ષની ઉમરે વડોદરામાં એક મંદિરના પૂજારીએ ભેટમાં આપેલા હાર્મોનિયમ સહિતનાં 10 હાર્મોનિયમ ધ્યાનાકર્ષક છે.









## વડોદરામાં કોઈન કલેક્શનના પ્રદર્શનને જોઈને મને ઓડિયો કલેક્શનનો શોખ જાગ્યો: ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરા

શાસ્ત્રીય ગાયક અને કલાગુરુ ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરા આગ્રા ગ્વાલિયર ઘરાનાના છે અને 2012ની સાલમાં સુરત આવ્યા હતાં. તેમણે જણાવ્યું કે હું 8 વર્ષની ઉમરનો હતો ત્યારથી નાની નાની વસ્તુઓના સંગ્રહનો મને શોખ હતો. હું વડોદરામાં હતો ત્યારે કોઈન કલેક્શનના પ્રદર્શન નિહાળતો જેનાથી મને ઓડિયો કલેક્શન કરવાની પ્રેરણા મળી. મુંબઈમાં NCPAમાં કોન્ફરન્સ એટેન્ડ કરવા જતો ત્યાં કિશોર મર્ચન્ટ મળ્યા એમના તરફથી શાસ્ત્રીય ગાયન, શાસ્ત્રીય વાદનને લગતું ઓડિયો કલેક્શન ભેગું કરવાની પ્રેરણા મળી હતી. મારા મધર-ફાધર અને વાઈફ યાશ્મિન વ્હોરાનો મને આ કલેક્શન માટે ખૂબ સપોર્ટ રહ્યો છે. મારી વાઈફ મારા કલેક્શનની સફાઈ અને સાચવવાની જવાબદારી બખૂબી નિભાવે છે. ક્યારેક તે કહેતી હોય છે કે તમારું આ કલેક્શન ઘરમાં ઘણી જગ્યા રોકે છે પણ કલેક્શન સાચવવાની જવાબદારી પણ તે જ લે છે.

## 138 વર્ષ જૂની સ્વર લિપિ પદ્ધતિ પરની બુક્સ સહિત 1200 પુસ્તકોનું કલેક્શન

1200 પુસ્તકોના ખજાનાથી ગુલામ ફરીદ વ્હોરાના સંગીતના કલાસ અને ઘર ભર્યું ભર્યું લાગે છે. પુસ્તકોના સંગ્રહમાં 1886ની સ્વર લિપિ પદ્ધતિ પરની બુક, 1932ની સંગીતની અન્ય એક બુક ઉપરાંત આધ્યાત્મિક, ચિંતન-મનનની બુક્સ, ધાર્મિક પુસ્તકો, ઈંગ્લીશ લિટરેચર અને મોટીવેશનલ સ્પીચ, ભજન કિર્તન, ગુજરાતી, હિન્દી અને ઈંગ્લિશની શાસ્ત્રીય સંગીત, ઉર્દૂ અને ગુજરાતીમાં ગઝલ, લોકસાહિત્ય, દુહા, છંદની બુક્સ તેમણે સંગ્રહ કરીને રાખી છે. આ બુક્સ તેમણે ઓલ ઇન્ડિયામાં પ્રોગ્રામ કરવા જતા ત્યાંથી જેમ કે, મુંબઈ નરીમાન પોઈન્ટ પર ફૂટપાથ પર બેસતા બુકસવાળાઓ પાસેથી, કોલકત્તામાં કોલેજ સ્ટ્રીટ, લખનઉ, દિલ્હી અને અમદાવાદ સહિતની વિવિધ જગ્યાઓ પરથી મેળવી છે.





## શાસ્ત્રીય ગીતો અને ગઝલ સહિતની 530 કેસેટ્સનું કલેક્શન

ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરા પાસે 530 કેસેટ્સનો સુરીલો ખજાનો છે. તેમણે જણાવ્યું કે હું વર્ષ 2007-08 પહેલાથી કેસેટ્સનો સંગ્રહ કરું છું. મારી પાસે જે કેસેટ્સ છે તેમાં 1980-85ના વર્ષની એટલે કે 43 વર્ષ જૂની કેસેટ્સ પણ છે. લતા મંગેશકર, રફી, મુકેશનાં ગીતો, શાસ્ત્રીય ગીતો, જગજીત સિંઘ, ગુલામ અલીની ગઝલોની કેસેટ્સ છે. હું વડોદરામાં હતો ત્યારથી કેસેટ્સનું કલેક્શન કરતો. સુરતમાં આવ્યા બાદ મને એક પ્રોફેસર બહેન અને SMCમાં જોબ કરતા બહેનો કેસેટ્સનો ખજાનો આપ્યો હતો.

## જૂના સમયની ગાયિકાઓના ગીતોની સીડી સહિત 400 સીડીમાં ગીતો, ગઝલો આજે પણ સાંભળવા ગમે છે

જૂના સમયની ગાયિકાઓ કિશોરી અમોનકર, માલિની રાજુલકર, અશ્વિની ભીડે, પદ્માવતી શાલિગ્રામ, શોભા મુદ્દગલના ગીતોની સીડી, જગજીતસિંઘ અને ચિત્રા સિંઘ, મહેંદી હસનની ગઝલોની સીડી છે. હવે તો સીડીનો જમાનો નથી રહ્યો પણ ઉસ્તાદ ગુલામ ફરીદ વ્હોરાએ આ સિડીથી તેમના સંગ્રહને ભવ્ય બનાવ્યું છે. 4000/GB, 1000/GB અને 500/GB ની હાર્ડ ડિસ્ક પણ તેમના સંગ્રહના ખજાનામાં છે.





## વિનાઇલ રેકોર્ડ જેને થાળી કહેવાતી તેવી 60 વર્ષ જૂની રેકોર્ડ્સ હવે મળવી મુશ્કેલ

સીડીના જમાનાના પહેલાં કેસેટ્સનો જમાનો હતો અને એની પણ પહેલાં વિનાઈલ રેકોર્ડ જેને પહેલાં લોકો થાળી કહેતા તેવી 50 વિનાઈલ રેકોર્ડ પણ ગુલામ ફરીદ વ્હોરાના ઘરની શોભા વધારી રહી છે. આમાં ઉસ્તાદ બડે ગુલામ અલી ખાનના 1960-62ના કલાસિકલ ગીતોની રેકર્ડ્સ પણ છે. તેમણે આ વિનાઈલ રેકોર્ડ્સ સુરતમાં ભંગારવાળા પાસેથી, અમદાવાદમાં ગુર્જરી બજાર અને વડોદરામાં શુક્રવારી બજારમાંથી મેળવી હતી.

